**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૧/૦૬/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૧૩૬/૧૭**

કાચ તોડી ચોરી તેમજ વાહનચોરી તથા ઘરફોડ ચોરી નો ભેદ ઉકેલતી સરદારનગર પોલીસ

શ્રીમાન પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા સેકટર -૨ સાહેબશ્રી તથા ના.પો.કમી ઝોન-૪ સાહેબ શ્રી તથા મ.પો.કમી "જી"ડીવીજન સાહેબના માર્ગદર્શન હેઠળ સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી.ઝાલા સાહેબની જાણ થી આજરોજ પો.સ.ઇ પી.જે.ખરસાણ તથા મ.સ.ઇ અરવિંદસિંહ શંકરસિંહ બ.નં.૬૪૦૯ તથા મ.સ.ઇ પરમેશ્વરસિંહ કરણસિંહ બ.નં.૭૩૩૮ તથા પો.કો.કિરણકુમાર ચંદુલાલ બ.નં.૯૭૭૦ તથા પો.કો.ભરતકુમાર ગાંડુભાઇ બ.નં.૩૦૫ તથા પો.કો.પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૨૮૫૫ તથા પો.કો.જીતેન્દ્રભાઇ અરખાભાઇ બ.નં.૫૧૧૯ તથા પો.કો.દર્શનસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૬૬૫ તથા બીજા પોલિસ સ્ટાફના માણસો સાથે સરદારનગર પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન કરતા કરતા કલાક ૯/૦૦ વાગે કુબેરનગર પ્રભારામ સોસાયટી પાસે રોડ પર આવતા સાથેના પો.કો.જીતેન્દ્રભાઇ અરખાભાઇ તથા પો.કો.ભરતકુમાર ગાંડુભાઇ નાઓની સંયુકત બાતમી આધારે એકટીવા ચાલક નાનકલાલ ઉર્ફે નાનુ કનૈયાલાલ સેવાણી (સીંધી) ઉ.વ.૨૫ રહેવાસી-છગનભાઇ રબારીના મકાનમાં ભાડેથી બંગલા એરીયા કુબેરનગર સરદારનગર અમદાવાદ નાને પકડેલ જેની એકટીવાની ડેકી માંથી સોનાની બંગડી નંગ-૬ તથા લેડીઝ-જેન્ટસ વીંટી નંગ-૩ તથા એક નાની જુની ચુની મળી આવેલ તેમજ સેમસંગ કપંનીના જુના મોબાઇલ ફોન નંગ-૩ તથા જુદાજુદા દરની ચલણી નોટો રોકડ રુપિયા ૬૭,૫૦૦/- મળી આવેલ જે બાબતે સદરી ઇસમની પુછપરછ કરતા આ સોનાના દાગીના અંગે કૃષ્ણનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૩૦/૧૭ ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ગુનો શોધાયેલ છે.તેમજ રોકડા રુપિયા ૬૭.૫૦૦/-અંગે કાચ તોડી ચોરી કરવાનો સરદારનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૩૧/૧૭ ઇ.પી.કો.કલમ ૩૭૯,૪૬૧,૪૨૭ મુજબનો ગુનો શોધાયેલ છે તેમજ એકટીવા ચોરી અંગે અગાઉ નોંધાયેલ સરદારનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૫૫/૧૭ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધયેલ છે.આમ આ આરોપી થકી આ રીતેના ઘરફોડ ચોરી,વાહનચોરી તથા કાચ તોડી રોકડા રુપિયા ચોરી અંગેના ગુના ડીટેકટ કરવામા આવેલ છે.અને આરોપી વિરુધ્ધ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.